ગાંધીનગર સમાચાર
તા. ૧-૧-૨૦૧૫, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### વેલકમ ૨૦૧૫ : અનેક અપેક્ષાઓ જગવતું નવલું પ્રભાત

અનેક ઉતારચઢાવ, હાકલા પડકારા અને સત્તાપલટાઓ સાથે ઇસુનું ૨૦૧૪નું વર્ષ સમાપ્ત થયું છે. ૨૦૧૫ના મંગલ પ્રભાતે અવનવા સંકલ્પો, આશાઓ અને અરમાનો જાગી ઊઠ્યા છે. ભારત એકવીસમી સદીની વિશ્વસત્તા તરીકે ઊપસી રહે એવાં એંધાણ વરતાઇ રહ્યાં છે. આવા સંકેતોનો અણસાર તો છેલ્લા દસેક વર્ષથી સાંપડતો રહ્યો હતો પરંતુ હવે એને નક્કર આકાર મળી રહ્યો છે. મહાસત્તાઓ હવે ભારતને પણ એમની હારોહાર ઊભા રહેવાની ક્ષમતા ધરાવતું રાષ્ટ્ર સમજવા માંડી છે. અંતરીક્ષમાં મંગળયાન મોકલીને ભારતે વિશ્વને ચકિત કરી દીધું છે. બીજી તરફ ચીન જેવા પાડોશીને પણ ભારત સાથે સલૂકાઇપૂર્વક વર્તવામાં શાણપણ દેખાવા લાગ્યું છે. પાકિસ્તાન એની પરંપરાગત આડોડાઇ ભલે ચાલુ રાખે, પરંતુ ભારતની સરખામણીએ એનું દસાડા દફતરમાં પણ નામ નથી, એની પ્રતીતિ એને થઇ ચૂકી છે. વર્ષાન્તે લખવી જેવા હિન્દુસ્તાનના વોન્ટેટને પાક અદાલતે પુરાવાના અભાવે છોડી મૂકવાનું નક્કી કર્યા પછી પણ પાક શાસનને એના પર અન્ય કોઇ કેસ સબબ કામ ચલાવવાની ફરજ પડી છે. અહીં ઘર આંગણે સોહરાબદ્દીન અને તુલસી પ્રજાપતિ એન્કાઉન્ટરમાં આરોપી બનાવાયેલા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષને મુંબઇની અદાલતે ક્લીનચીટ આપતાં મોદીરાજની બલ્લે બલ્લે થઇ રહી છે. સીબીઆઇ દ્વારા જ શાહને આરોપી બનાવાયા હતા અને ઘણા લાંબા વખત સુધી તડીપાર કરાયા હતા. એ જ સીબીઆઇ હવે શાહના જ વડપણવાળી પાર્ટીના શાસન હસ્તક કામ કરતી હોઇ આ મુદ્દે ઢીલી પડે તે સમજી શકાય તેવી બાબત છે. વિપક્ષના હોબાળાથી અમિત શાહની હાથીની ગતિ બદલાય તે વાતમાં માલ નથી. આગામી દિવસો દરમિયાન ગુજરાતમાં દુનિયા આખી ઠલવાઇ રહી છે ત્યારે બંગાળની વાઘણની ત્રાડ પણ બેકાર જ નીવડવાની છે. જમીન સંપાદનના કાયદામાં મોદી સરકાર અપેક્ષિત સુધારા કરવાનું બિલ લાવવા માંગે છે. મમતા એનો સજ્જડ વિરોધ કરશે પણ મચક આપે એનું નામ મોદી નહીં. બિલ પસાર કરવામાં મુશ્કેલી લાગશે તો એ વટહુકમ લાવશે. ૨૦૧૫ આવા વટહુકમો અને ભગવાકરણ સામેના સેક્યુલર પરિબળોના પરાજયનું વર્ષ નીવડે તો નવાઇ નહીં સ્થપાય ત્યાં સુધી મોદી અને શાહની જુગલજોડી જંપીને બેસવાની નથી. દરમિયાન સાવ જ હાંસિયે ધકેલાઇ ગયેલી કોંગ્રેસને કદાચ કોઇ નવું જ નેતૃત્વ સાંપડે, એ શક્યતા પણ નકારી ન શકાય. કોંગ્રેસનું ખખડધજ ખંડેર ધ્વસ્ત થઇ ચૂક્યું છે પણ એ જ કાટમાળમાંથી નવી ઇમારત ખડી થઈ શકે. દેવોને દુર્લભ એવી આ ભારતભૂમિ માટે કોઇ પણ ચમત્કાર અસંભવિત ન જ ગણાવો જોઇએ. સરકારનો સ્વચ્છતા અને સુશાસન - ગુડ ગવર્નન્સનો શિવસંકલ્પ સફળ થાય એવું કોણ ન ઇચ્છે? ગુજરાતમાં મહિલા મુખ્યમંત્રીના શાસનકાળમાં નવાં પ્રતિમાન અને કીર્તિમાન સ્થપાય, એવી અપેક્ષા પણ અસ્થાને ન જ ગણાય. શિક્ષણ ક્ષેત્રે પ્રવર્તતી અરાજકાત વેળાસર દૂર થાય, વિશ્વવિદ્યાલયો ખરેખર વિદ્યાની ઉપાસનાનાં કેન્દ્રો બની રહે, એમાં રાજકીય દખલગીરી અટકે અને શિક્ષકોને બાંધ્યા પગારના મજૂર જેવી સ્થિતિમાંથી મુક્તિ મળે, એવી અપેક્ષા પણ એક શિક્ષિકા-મુખ્યમંત્રી પાસેથી રહેશે જ. ગરવી ગુજરાતણના શાસનકાળમાં ગિરા ગૂર્જરીનું જતન થાય, ગુજરાતની સાથોસાથ ગુજરાતી પણ વિશ્વવ્યાપી સ્વીકૃતિ પામે, એવા શુભસંકલ્પ સાથે ૨૦૧૫ના વર્ષનું ઉમળકાભેર સ્વાગત કરીએ.

# ગાંધીનગર પરથી પસાર થતુ સ્પેસ સ્ટેશન ઈટાદરા પ્રા.શાળાના બાળકોએ નિહાળ્યું

## નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વન ચેતના કેન્દ્ર ખાતે ઈટાદરા પ્રા.શાળાના બાળકોને ટેલિસ્કોપ-બાયનો કયુલર દ્વારા આઈએસએસ બતાવ્યું


ગાંધીનગર, તા.૩૧

વિશ્વના ૧૬ દેશોએ ભેગાં મળીને અવકાશમાં ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (આઈએસએસ) બનાવેલ છે. જે પૃથ્વીની આસપાસ ફરતું રહી ઉપયોગી માહિતી મોકલે છે. તા.૨૭મી ડિસેમ્બરે સાંજે ૬:૫૨ થી ૬:૫૮ વાગ્યા દરમ્યાન આ આઈએસએસ ગાંધીનગર ઉપરથી માત્ર ૪૦૦ કિમીના અંતરે નરી આંખે દેખાય તે રીતે પસાર થઈ રહ્યું હતું. જેને નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ઈટાદરા પ્રાથમિક શાળાના ૫૦ બાળકોને બાયનો કયુલર અને ટેલિસ્કોપ દ્વારા દેખાડવામાં આવ્યું હતું.



આ સ્પેસ સ્ટેશન નિહાળવા નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ઈટાદરાની પ્રાથમિક શાળાના બાળકો માટે ગાંધીનગરના વન ચેતના કેન્દ્ર ખાતે ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પેસ સ્ટેશન ઉત્તર પશ્ચિમ દિશાથી દક્ષિણ પૂર્વ દિશા તરફ ગયું હતું અને બરાબર ૬:૫૫ વાગે મધ્યમાં સ્પષ્ટ રીતે જોઈ ખૂબ જ રોમાંચિત થઈ ગયાં હતાં. આ પ્રસંગે નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી અનિલભાઈ પટેલે બાળકોને સ્પેસ સ્ટેશનના કાર્ય અને અવકાશયાત્રીઓ વિશે રસપ્રદ માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં ઈટાદરા પ્રા.શાળાના આચાર્ય ભરતભાઈ, વિજ્ઞાન શિક્ષક સચીનભાઈ પટેલ, નિસર્ગ સાયન્સ સેન્ટરના કો-ઓર્ડીનેટર હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.

## હરિની દૃષ્ટિ...




..... કાંઇ બદલાયું નહીં.... !!

# કડી કેમ્પસના છગનભા રમતોત્સવમાં આર.એન. પટેલ પ્રાથમિક શાળાનું શાનદાર પ્રદર્શન

ગાંધીનગરના સર્વ વિદ્યાલય કેમ્પસમાં આવેલ આર.એન. પટેલ પ્રા. શાળાના વિદ્યાર્થીઓએ કડી કેમ્પસમાં ચાલી રહેલા છગનભા રમતોત્સવમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યું હતું. આ શાળાની બહેનોએ એથ્લેટિકસ વિભાગમાં ચેમ્પિયન શીપ મેળવી હતી.

એથ્લેટિકસ વિભાગમાં પલક બી. ગોહિલ લાંબી કૂદમાં પ્રથમ ક્રમે, મમતા એચ. બાની ૧૦૦ મી. દોડમાં દ્વિતિય ક્રમે, ભાવિકા આર. કટારા ગોળા ફેંકમાં તૃતીય ક્રમે અને હિરવા પટેલ રાયફલ શુટીંગમાં તૃતિય ક્રમે વિજેતા બન્યા હતા. જયારે ઈન્ડોર ગેમ્સમાં રુદ્ર એસ. પાઠકે ચેસમાં પ્રથમ, દિવ્યા પી. ઠકકર અને મિત પી. પટેલ સ્કેટીંગમાં અનુક્રમે દ્વિતિય અને તૃતીય, વ્રજ કે. પટેલે રાયફલ શુટીંગમાં દ્વિતિય, હર્ષલ એમ. પટેલ અને ધ્યાની એચ. પટેલે ટેબલ ટેનિસમાં તૃતીય, રોહિત વી. શર્માએ બેડમિન્ટનમાં તૃતિય ક્રમ મેળવ્યો હતો. આ ઉપરાંત લાંબી કૂદમાં નીલા પટેલ અને યશ પટેલ તૃતીય ક્રમ, કરાટેમાં યશ એસ. પટેલ તૃતીય ક્રમે, વકતૃત્વમાં ગિરિરાજસિંહ ચૌહાણે તૃતીય અને કેરમમાં ધ્રુમિલ એસ. પટેલે તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

# આર.જી. કન્યા શાળાની વિધાર્થીઓએ પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં ભાગ લીધો

ગાંધીનગર તા.૩૧

ગાંધીનગરના કડી સર્વ વિધાલય કેમ્પસની આર.જી.કન્યા માધ્યમિક અને એસ.બી.ઉ. માધ્યમિક શાળાની વિધાર્થીનોઓએ વન સંશોધન કેન્દ્ર દ્વારા આયોજીત પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં ભાગ લીધો હતો. આ શિબિરમાં શાળાની ઈકોલોજી કલબની ૫૦ વિધાર્થીનીઓ જોડાઈ હતી.

આ પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં તમામ વિધાર્થીનીઓએ વન સંશોધન કેન્દ્રની આસપાસના જંગલ, અરણ્ય ઉધાન, વેટલેન્ડ એરિયા તેમજ વન ચેતનાની મુલાકાત લીધી હતી. આ શિબિરમાં તેમણે આશરે ૩૦ જેટલા પ્રકારના પક્ષીઓ નિહાળ્યાં હતાં અને વૃક્ષો અંગે વિવિધ જાણકારી મેળવી હતી. તેમજ તેના ઉપયોગો અને ઓળખ અંગે માહિતી મેળવી હતી. વિધાર્થીઓએ આ બે દિવસીય શિબિરમાં તંબુમાં રોકાણ કર્યું હતું. તેમજ કેમ્પ ફાયર સાથે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને પર્યાવરણ બચાવો, પાણી બચાવો વગેરે અંતર્ગત સ્વરચિત નાટકો અને કાવ્યોનો આસ્વાદ માણ્યો હતો. વન સંરક્ષણ વિભાગ દ્વારા ગ્લોબલ વોર્મિંગ અંગે દસ્તાવેજી ફિલ્મ પણ દેખાડવામાં આવી હતી. તેમજ કવીઝ રમાડવામાં આવી હતી.

આ શિબિરમાં વન વિભાગના ગોહિલ સાહેબ, મહેતા સાહેબ ઉપરાંત ઈકોલોજી કલબના અમિતાબેન, ફિરોજાબેન, મંજુલાબેન અને સોનલબેને હાજરી આપી હતી.



# ગણપત યુનિવર્સિટીને 'બેસ્ટ પ્રાઈવેટ યુનિવર્સિટી' એવોર્ડ

## અમદાવાદ ખાતે યોજાયેલ સમારંભમાં રાજયપાલ ઓ.પી. કોહલીએ સંસ્થાના સ્થાપક અનિલ પટેલને એવોર્ડ આપ્યો

ગાંધીનગર, તા.૩૧

દેશની પ્રતિષ્ઠિત સંસ્થા એસોચેમ તેમજ ધી એજયુકેશન પોસ્ટના સંયુકત ઉપક્રમે અમદાવાદ ખાતે યોજાયેલ એજયુકેશન એકસેલન્સ એવોર્ડસમાં ગણપત યુનિવર્સિટીને 'બેસ્ટ પ્રાઈવેટ યુનિવર્સિટી ઓવર ઓલ ઈન વેસ્ટર્ન ઈન્ડિયા' નો એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ એવોર્ડ રાજયના રાજયપાલ ઓ.પી. કોહલીના વરદ હસ્તે ગણપત યુનિ.ના સ્થાપક અનિલભાઈ પટેલને આપવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં તમામ યુનિ.ના વાઈસ ચાન્સેલર્સ, ડાયરેકટર્સ, પ્રાધ્યાપકો અને વિવિધ ક્ષેત્રના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા આ એવોર્ડ પ્રાપ્ત કરનાર ગણપત યુનિ. ગુજરાતની એક માત્ર યુનિ. છે. અત્રે ઉલ્લેખનીય છે કે સ્વ. દેવાંગ મહેતાની સ્મૃતિમાં અપાતો એજયુકેશન લીડરશીપ એવોર્ડ ૨૦૧૪ પણ ગણપત યુનિ.ને પ્રાપ્ત થયો હતો.

# નહેરુ યુવા કેન્દ્ર દ્વારા દહેગામ કોલેજમાં વ્યસન મુકિત પરિસંવાદ યોજાયો

ગાંધીનગરના નહેરુ યુવા કેન્દ્ર દ્વારા વ્યસન મુકિત વિષય પર પરિસંવાદ યોજાયો હતો. આ પરિસંવાદ થીમ બેઈઝ એજયુકેશન એન અવેરનેસ અંતર્ગત યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દહેગામ ખાતે આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના કોન્ફરન્સ હોલમાં યોજવામાં આવ્યો હતો. આ પરિસંવાદમાં દહેગામના એન.એસ. યુનિટ, નશાબંધી મંડળના સંયુકત ઉપક્રમે નહેરુ યુવા કેન્દ્ર દ્વારા યોજવામાં આવ્યો હતો. જેમાં યુવાનોને વ્યસનોથી દુર રહેવા માર્દર્શન આપવામાં આવ્યું હતું. દહેગામ તાલુકામાંથી ૧૦૦ જેટલા યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ઈન્ડિયન મેડીકલ એસો.ના ગાંધીનગર જિલ્લાના પ્રમુખ ડૉ. અનિલભાઈ ચૌહાણે યુવાનોને વિવિધ વ્યસનો જેવા કે દારુ, તમાકુ, માદક દ્રવ્યો, ગુટખા, મસાલા વગેરેના સેવનથી મન અને શરીર પર થતી અસરો અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં નશાબંધી મંડળના સંયોજક ગણપત પંડયા, યુથ કોઓર્ડીનેટર રજનીકાંત સુથાર, પ્રોગ્રામ ઓફિસર ડૉ. કિરીટ પટેલ, કોલેજના આચાર્યા એચ.આર. ભટ્ટ, વા. પ્રિન્સીપાલ એમ.કે. મિશ્રા, યુવા પત્રકાર કશ્યપ નિમાવતે પ્રેરણાત્મક ઉદબોધન કર્યા હતા અને હાજર તમામ યુવાનોએ વ્યસન મુકિતના શપથ લીધા હતા.

# સંવાદોમાં આગ સાથે પ્રાણ ભરી દેતી પીઢ અભિનેત્રી - ચારુ પટેલ

**સંવાદ**
જનક પટેલ

વખણાયેલાં વેવાણ એટલે ચારુ પટેલ. એમની અભિનય ક્ષમતા બેજોડ છે. કલા-કસીબીઓ એમને 'લલીતા પવાર' ના નામે જાણે છે. ચારુ પટેલનો જન્મ ઇ.સ. ૧૯૪૦માં ૧૨મી જાન્યુઆરીના રોજ આફ્રિકાના યુગાન્ડા પ્રદેશમાં થયેલો. એમના પિતા નારાયણભાઇ પટેલ સરકારી વકીલ હતા. અમદાવાદની વ્યુ કોલેજમાં એમને યુવાનીનાં વર્ષો વીતાવેલાં. એ વખતે લાંબા કાળા વાળમાં ગુલાબનું ફૂલ ઝગમગતું.

પટેલ સમાજમાં આજે પણ કોઇ છોકરો-છોકરી અભિનયક્ષેત્રે ઝંપલાવે તો તેને જ્ઞાતિ કે પરિવારનું પ્રોત્સાહન મળતું નથી. સમાજને મનોરંજન જોવું ગમે છે. પણ બાળકોનો એ રંગીન દુનિયામાં પ્રવેશ જરાય પસંદ નથી - આમ કેમ? ચારુબેનના પરિવારજનો પણ એમના અભિનયમાં સખત વિરોખી હતા અને ચારુબેન પર ઘરના સભ્યોથી ડરતાં, છતાં માંહે-માંહે એમના હૃદયના ઊંડાણમાં લાગણીનાં મોજાં અભિનયને સ્પર્શતાં હતા. કોલેજકાળથી એમની અભિનય કારકિર્દી શરૂ થયેલી. શરૂઆતમાં પરિવારની બીકના કારણે એમને પોતાનું નામ લતા પટેલ રાખેલું. પણ સત્ય કયાં છુપાયેલું રહે છે? એક દિવસ એમના ભાઇને આ વાતની જાણ થઇ ગઇ. તેઓ બેન્ક ઓફ બરોડાના ડિરેકટર હતા. ભાઇબહેનની લાગણીને સમજ્યા અને થિયેટરમાં કામ કરવાની પરવાનગી આપી. અને એ જ અરસામાં ચારુબેનને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સારી નોકરી મળી. નોકરીની સાથે સાથે તેમણે નાટકોમાં અભિનયનું કામ પણ ચાલું રાખ્યું. અમદાવાદની લગભગ તમામ સંસ્થાઓ સાથે ચારુબહેને નાટકના કાર્યક્રમ કરેલા છે. ૧૯૭૨ થી ૧૯૭૬ સુધી ચારુબહેનની પોતાની સંસ્થા દર્શન થિયેટરમાં નેજા હેઠળ '૧૫ નાટકોનું' નિર્માણ પામેલું. જેમાં સ્નેહના ધામ સુના સુના નાટકને બેસ્ટ નાટક, એક્ટર, અભિનેત્રીના એવોર્ડ સરકાર તરફથી મળેલા છે.

એક દિવસ પ્રચાર નાટકમાં પશા પટેલનું પાત્ર ભજવતા કલાકાર આવ્યા ન્હોતા એટલે મધુભાઇ શાહે સૂચવ્યું કે ચારુને મુછો લગાવી - કેડીયું પહેરાવી દો. પછી વાત શું કરવી રંગમંચ પર ચારુબહેનની અફલાતૂન એન્ટ્રી અને શો ભારે રમૂજ સાથે પૂર્ણ થયેલો. એવા તો ઘણા રમૂજી પ્રસંગો એમના અભિનય જીવન સાથે સંકળાયેલા છે.



તદ્પરાંત એમને 'ઇસરો'ની શૈક્ષણિક સિરિયલમાં કામ કરેલું - જેમાં અમારી ભૂરી, ડાહી માની વાતો, ન્યાય-અન્યાય, ભાત-ભાત કે લોગ - વગેરે ધારાવાહીકના પાંચસો જેટલા એપિસોડ કરેલા, સાથે સાથે મધ્યપ્રદેશની ઝાંબુઓની શૈક્ષણિક સિરિયલો - મેરે ગાંવ કી બાત, બોલ જમુરા બોલ, સચ્ચી બાત, દિખાવા, સંઘર્ષ, પન્ના કૈસે પઢેગી, એક થા ટાઇગર, રેશનકાર્ડ વગેરેમાં હિંદી ભાષા શૈલીમાં સંવાદોને પોતાના અભિનયની વાચા બક્ષી છે. અભિનય ક્ષેત્રે વર્ષે-વર્ષે ટ્રેન્ડ બદલાતા રહે છે - ૧૯૮૮થી કોમર્શિયલ ધારાવાહિકનો પ્રારંભ થયો. સામાજિક વાર્તાઓ આકાર લેવા લાગી. બરોબર તેજ વખતે ચારુબેન અભિનિત 'હૂતો-હૂતી' શરૂ થઇ - એને તેઓ ગુજરાતમાં 'વેવાણ'ના નામે પ્રસિદ્ધિ મેળવી. તે પાત્ર ખુબ જ વખણાયેલું અઢળક શુભેચ્છાઓ મેળવેલી. ગ્રામ્ય જનતા હૂતો-હૂતીનાં વેવાણને જોવા માટે સાંજનું સંપૂર્ણ કામ વહેલું લપેટી લઇ ટીવીના પડદા આગળ બેસી જતી. એ વખતે ગામડાંની શેરીઓ સુમસામ લાગતી - ચકલુંય ફરકતું નહીં.

દર્શકોનો પાત્ર પ્રત્યેનો પ્રેમ દર્શાવે છે કે એમની લોકચાહના અપ્રતિમ હતી. 'હૂતો-હૂતો-હૂતી' એમના જીવનકાળની શ્રેષ્ઠ ધારાવાહિક પુરવાર થયેલી, એ પછી તાગડધિન્ના, સ્ત્રીશક્તિ, મને બચાવો, અંગાર, સબરસ, તણખા... એવી તો ૧૦૦ જેટલી સિરિયલો ચારુબેનના અભિનય ખાતામાં જમા બોલે છે. 'એક ડાળના પંખી' ધારાવાહિકમાં કલા સાંગણીનું પાત્રે ખૂબ જ નામના મેળવેલી - તે સિરિયલના ૧૫૮૦ એપિસોડમાં ચારુબહેને કામ કરેલું. સ્વ. હરકાંત શાહ, સ્વ. ગિરિશ દેસાઇ, પ્રફુલ્લ ભાવસાર, ઉપેન્દ્ર ત્રિવેદી, પી. ખરસાણી, સ્વ. પ્રાણસુખ નાયક જેવા દિગ્ગજ દિગ્દર્શકો સાથે એમને કામ કર્યું છે. સન ૧૯૯૮થી ચારુબહેનનો પ્રવેશ ગુજરાતી ફિલ્મમાં થયો. અને ૭૦ કરતાં વધુ ચલચિત્રોમાં એમને શાનદાર અભિનય આપ્યો છે.

મહિયરમાં મનડું લાગતું નથી, લીલુડી ધરતી, દીકરીનો માંડવો, મહીયરની માયા, માણીઘર મારા મલકનો, દશે દિશાયે મા દશામા, પાલવડે બાંધી પ્રિત... વગેરે, એ ઉપરાંત ત્રણ હિન્દી ફિલ્મો રિહાઇ, મિર્ચ મસાલા, મટરુ કી બીજલી કા મન્ડોલા - માં ઉચ્ચકક્ષાની અભિનેત્રીઓ સાથે કામ કર્યું છે.

જશવંત ગાગાણી, સુભાષ શાહ, ગોવિંદભાઇ પટેલ, અરૂણ ભટ્ટ, આત્મરામ ઠાકોર, વિભાકર મહેતા જેવા શ્રેષ્ઠ ફિલ્મ ડાયરેકટર સાથે ફિલ્મો કરી છે. ચારુબહેનના અભિનયના અસ્તિત્વની વ્યાખ્યા કે વર્ણન કરવું ઉચિત નથી - એમની અભિનય સંબંધીત વ્યક્તિત્વની ઊંડાણ વ્યોમભરી છે. એમનાં વખાણ અને લોકચાહના જોવા માટે ગ્રામ્ય વિસ્તારમાં જવું પડે. ગામડાંની નારી હૃદયમાં એમનું એક ચોક્કસ સ્થાન છે.

એમની સંવાદ બોલવાની છટા સુંદર છે એટલી જ વિકરાળ છે. તેઓ સંવાદમાં પ્રાણ સાથે આગ ભરી દે છે. માટે એમના કિરદારની કદર અનંત છે. હાલના તબક્કામાં ચારુબેન નેગેટીવ ભૂમિકા ભજવવા માટે પ્રસિદ્ધ છે - જે અસલ જિંદગીમાં સાદગી ભર્યા અને નિર્મોહી છે. હું તો એક વાત જરૂર કહીશ કે પેઢી દર પેઢીની વહુઓ - સાસુઓ માટે ચારુબહેનનું પાત્ર હંમેશા હૃદયસ્પર્શી અને પ્રેરણાદાયી રહ્યું છે.